## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**રક્ષાબંધન માટે વહુને જવા ન દેવી હોય અને દિકરીને બોલાવવી હોય... એવો કાંઈ આઈડિયા હોય તો કહેને...!!**

## પાણી મર્યાદા તોડે તો વિનાશ, વાણી મર્યાદા તોડે તો સર્વનાશ : પૂ. સુનીલસાગરજી

પાણી મર્યાદા તોડે તો 'વિનાશ', વાણી મર્યાદા તોડે તો 'સર્વનાશ' કેરળનું ઉદાહરણ મોજુદ છે. પ્લાસ્ટીકનો અવિકતમ ઉપયોગ, પશુપક્ષીઓની હત્યાઓ, ગ્લોબલ વોર્મિંગ વગેરે કારણો છે. પાણી



જીવન પણ છે મરણ પણ છે. અગ્નિ જોઈએ ચુલામાં પણ એજ આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરે તો વિનાશ વેરે છે. કોઈપણ વસ્તુ મર્યાદા તોડે તો વિનાશને આમંત્રે છે તેવી જ રીતે ખોટી વધારે પડતી વાણી પણ નુકશાન કરે છે. વાણીથી પણ મહાભારત જેવો વિનાશ થઈ શકે છે. વાણીથી કેટલાય ઝઘડાઓ થાય છે. પરિવારોમાં વાણી-વિલાશથી કોર્ટ કચેરીઓમાં જવું પડે છે. જૂઠ પણ વાણીની જ ખોટી રીતે રજૂઆત છે. મુનીધર્મ ન પાળી શકો તો શ્રાવક ધર્મ જરૂર પાળો. ચારિત્ર બે પ્રકારના - સાધુ-મુનીઓનું અને શ્રાવકનું. અણુવ્રત તો સ્વીકાર કરવો જોઈએ. ધર્મના નામે હિંસા ન કરવી, જુઠુ ન બોલવુ. ચોરી ન કરવી, બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવુ. જીવનમાં જેટલુ જરૂરી છે તેટલુ જ ભેગુ કરવુ, મર્યાદા બહારનો સંગ્રહ ન કરવો. વધારે પરિગ્રહ કરવાથી સમાજમાં વિષમતા થાય છે. ગરીબ-અમીરનું અંતર વધી જાય છે. મોટા બનવાની દોડની પાછળ નુકશાન થાય છે. પાપોનો ત્યાગ જ ધર્મ છે. ભગવાનના શરણમાં રહેવાથી ઉદ્ધાર થાય છે.

## ત્રિદલ સંસ્થાની માસિક બેઠક યોજાશે

શિક્ષણ સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય ઝંખતી સંસ્થા ત્રિદલ ની ઓગસ્ટ માસની બેઠક તા. ૨૬ ઓગસ્ટને રવિવારના રોજ સાંજના ૫ કલાકે પ્લોટ નં.૭૯૦ નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે સેકટર-૨૧ ખાતે યોજાશે. બેઠકમાં આગામી માતૃભાષા ગુજરાતી વિષયના તેજસ્વી તારલાઓનો અભિવાદન સમારોહ વિશે આયોજન કરવામાં આવશે. સૌ સભ્યો ભાવિકો તથા ભાષાપ્રેમી નગરજનોને ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખે અનુરોધ કર્યો છે.

# સે-૬માં મનપા તંત્ર દ્વારા ૮ દુકાનો સીલ કરાઈ

### શેડ, ઓટલા, સીડી સહિતના દબાણો દુર કર્યા, જયારે પાંચ હોટલ-રેસ્ટોરન્ટમાંથી ખોરાકના નમુના લીધા, તંત્રના સપાટાથી વેપારીઓમાં ભય

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર મહાનગર પાલિકાના દબાણ વિભાગની ટીમે આજે ફરીવાર સપાટો બોલાવ્યો હતો. સે-૬ અપના બજારની બાજુમાં ઉભા થયેલા વિવિધ નવા કોમ્પ્લેક્ષના શેડ, ઓટલા, બોર્ડ તેમજ લોખંડની સીડી સહિતના દબાણો દુર કરીને કોમ્પ્લેક્ષમાં હેતુફેર થયેલા ભોંયરામાં ચાલતી આઠ દુકાનોને તંત્રએ સીલ મારી દેતા વેપારીઓમાં હડકંપ મચી જવા પામ્યો છે. જયારે દબાણની સાથે સાથે ફુડ એન્ડ ડ્રગ્સની ટીમે અહીં ચાલતી હોટલ-રેસ્ટોરન્ટમાંથી વિવિધ ખોરાકના નમુના પણ લીધા છે. જયારે ભોંયરામા ચાલતી લાયબ્રેરી અને સ્પર્ધાત્મક કલાસીસના કલાસ પણ અચાનક બંધ થઈ જતા ઉમેદવારોની મુશ્કેલીમાં પણ વધારો થવા પામ્યો છે.





ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી મહાનગર પાલિકાની દબાણ ટીમે સપાટો બોલાવ્યો છે. શહેરમાંથી દબાણો અદ્રશ્ય થઈ ગયા છે. લારી-ગલ્લાના જે અડીંગા દેખાતા હતા તે નામશેષ થઈ જવા પામ્યા છે. દબાણ અને પાર્કીંગ અંગે તંત્ર સજાગ બનતા શહેરના નગરજનોને શાંતિ છવાઈ છે. દબાણના ભયે માર્ગ પર એક પણ નાસ્તાની હાટડીઓ દેખાતી નથી. તાજેતરમાં જ દબાણ ટીમ સાથે અન્ય વિભાગની પણ ટીમો જોડાતા નગરમાંથી લારી-ગલ્લાઓ, શેડ, ઓટલા, લોખંડના થાંભલા, ઈન્ગલો,સહિત કાચા-પાકા છાપરાઓ દુર કરી દીધા છે. ત્યારે સાંજના સુમારે આજે દબાણ ટીમ સે-૬ અપના બજારની બાજુમાં ઉભા થયેલા નવા કોમ્પ્લેક્ષના દબાણો દુર કર્યા હતા. જેમાં શેડ, લોખંડની સીડી, બોર્ડ, ઓટલા સહિતનો સમાવેશ થાય છે. જયારે તંત્રએ હેતુફેરને પગલે ભોંયરામાં ચાલતા કલાસીસ અને લાયબ્રેરી સહિત ૮ જેટલી દુકાનોને સીલ મારી દીધા છે. જયારે દબાણની સાથે હોટલ-રેસ્ટોરન્ટમાંથી ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે ખોરાકના સેમ્પલ લેતા વેપારીઓમાં હાહાકાર મચી જવા પામ્યો છે. જયારે કલાસીસ અને લાયબ્રેરીને સીલ લાગતા ઉમેદવારો ટેન્શનમાં આવી ગયા છે.

# સુઘડ સત્યમેવ છાવણી પાસે ફલેટમાં રાત્રે તસ્કરોએ આતંક મચાવ્યો

### એક બંધ ફલેટમાં ઘરફોડ ચોરી : ફલેટના પાર્કિંગમાંથી ચાર બાઇકની ઉઠાંતરી : એક બાઈક નજીકના ખેતરમાંથી બિનવારસી મળ્યું

ગાંધીનગર, તા. ૨૪

અડાલજ નજીક આવેલા સુઘડ ગામની સીમમાં સત્યમેવ છાવણી આઈકોન ફલેટની સ્કિમમાં ગઈ રાત્રિ દરમિયાન તસ્કર ટોળકીએ તરખાટ મચાવી દીધો હતો. રાત્રી દરમિયાન ત્રાટકેલા તસ્કરોએ એક બંધ મકાન તાળુ તોડી અંદરથી ૨૫ હજારની માલમતાની ચોરી કરી લીધી હતી. તો બીજી તરફ ફલેટના પાર્કિંગમાં પાર્ક કરેલા ચાર બાઈકોની પણ ઉઠાંતરી કરી દીધી હતી. જો કે ચોરાયેલા ચાર બાઈકો પૈકી એક બાઈક નજીકના ખેતરમાંથી સવારે બિનવારસી હાલતમાં મળી આવ્યું હતું. બાઈકની ચોરી અને ઘરફોડ ચોરી બંને ગુનાઓ અંગે અડાલજ પોલીસે ફરિયાદ લઈ તસ્કર ટોળકી સુધી પહોંચવા કવાયત શરૂ કરી છે.

સુઘડ પાસે આવેલા સત્યમેવ છાવણી આઈકોન ફલેટમાં ગઈરાત્રે તસ્કરોએ રીતસરનો આતંક મચાવ્યો હતો. ફલેટમાં રહેતા વરુણ ભાઈ રજનીકાંતભાઈ પટેલના સસરા પ્રવિણભાઈ પંડયાના બંધ મકાનનું તાળુ તોડી તસ્કરો અંદરથી હાથફેરો કરી ગયા હતા. અંદાજે રૂપિયા ૨૫ હજારની મત્તાની ચોરી કરી તસ્કરો રફુચક્કર થઈ ગયા હતા. આ ઘરફોડ ચોરી કર્યા બાદ



ફલેટના પાર્કિંગ પર તસ્કરોએ ડોળો માંડયો હતો. ફલેટના પાર્કિંગમાં પાર્ક થયેલા વાહનો પૈકી ચાર બાઈકની ઉઠાંતરી કરી લીધી હતી. તસ્કરો એક મકાનમાંથી ઘરફોડ ચોરી અને પાર્કિંગમાંથી ચાર વાહનોની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. સવારે ફલેટના વસાહતીઓ ઉઠ્યા ત્યારે હાહાકાર મચી ગયો હતો. આસપાસ નજર નાખતા નજીકના એક ખેતરમાંથી ચોરાયેલા ચાર બાઈકો પૈકી એક બાઈક બિનવારસી હાલતમાં મળી આવ્યું હતું. ઘરફોડ ચોરી મામલે વરૂણભાઈ પટેલની ફરિયાદના આધારે તો બીજી તરફ વાહનચોરી મામલે રશ્મિબેન પટેલની ફરિયાદના આધારે અડાલજ પોલીસે ગુનો દાખલ કરીને આસપાસના સીસીટીવી ફૂટેજ મેળવી તસ્કર ટોળકી સુધી પહોંચવા કવાયત તેજ કરી છે.

## બ્રહ્મ ભવન ખાતે રવિવારના રોજ સમૂહ યજ્ઞોપવિત બદલવાનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા તા. ૨૬ ઓગસ્ટને રવિવારના શ્રાવણી પૂનમના દિવસે શ્રી સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન સેકટર-૧૬ ગાંધીનગર ખાતે સમુહ યજ્ઞોપવિત બદલવાનું આયોજન કાનજીભાઈ ભોગાયતા શાસ્ત્રીજીના આચાર્યપદે કરવામાં આવેલ છે.આ કાર્યક્રમ અંતર્ગત તા. ૨૬ ઓગસ્ટના રોજ સવારે ૯.૩૦ કલાકે યજ્ઞોપવિત બદલવા માટે પૂજામાં બેસવા આસન, પંચપાત્ર, સાથે બ્રહ્મભવન સેકટર-૧૬ પ્રથમમાળે (કલાસીસ હોલ) હાજર રહેવા શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગરના પ્રમુખ પીનાકીન રાવલ તથા મહામંત્રી નરેશ દવેએ અનુરોધ કર્યો છે.




સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

સેવા સેતુ કાર્યક્રમનો
ચોથો તબક્કો
તા.૨૪-૮-૨૦૧૮ના રોજથી રાજયવ્યાપી પ્રારંભ

શ્રી નરેન્દ્રભાઈ મોદી
પ્રધાનમંત્રી, ભારત

શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત



સાચો લાભાર્થી સરકારી સહાયથી
વંચિત ન રહી જાય



પ્રથમ ત્રણ તબક્કામાં
૧ કરોડથી વધુ
વ્યક્તિઓને મળ્યો સેવા સેતુ કાર્યક્રમનો લાભ

નાગરિકોની રજૂઆતોનો
ઘર આંગણે ઉકેલ

સેવાસેતુ કાર્યક્રમ થકી
પારદર્શી પ્રશાસનની પ્રતીતિ

માહિતી ૨૦૧૮-૨૦૧૯ (૨૭)

ગુજરાતની પ્રજાની અપેક્ષા-લાગણી અને માંગણી પૂર્ણ કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત